સત્ય આવી ગયું અને અસત્ય નાશ પામ્યું (અલ-કુર્આન ૧૭ : ૮૧)

# ફારૂક સાપ્તાહિક

FAROOQ E-Paper

૨૬ વર્ષથી ભુજથી દર શુક્રવારે પ્રકાશિત થતું સાપ્તાહિક

www.Farooqsaptahik.com | Farooq Saptahik | farooq_saptahik | Farooq Saptahik

ફારૂક E-Paper સાપ્તાહિક

ઓગષ્ટ-૨૦૨૫થી ફારૂક સાપ્તાહિક E-Paper રૂપે મર્યાદિત વિભાગો : ઈબાદત સપ્તાહ, મુફતી સાહેબના જવાબો, પરખ, તકરીરોના સમાચાર, ચાંદના સમાચાર, લેખકોના પ્રસિધ્ધ કરવા લાયક આર્ટિકલ્સ, તંત્રી સ્થાનેથી, અગત્યના રાષ્ટ્રીય-પ્રદેશ-જિલ્લા કક્ષાના સમાચારો સાથે પ્રસિધ્ધ થાય છે માટે અમને મળતી દરેક પ્રેસનોટનો સમાવેશ કરી શકતા નથી. આશા છે આપનો સહકાર અવિરત મળતો રહેશે. – તંત્રી

WhatsApp પર દર સપ્તાહે 'ફારૂક' મેળવવા સંપર્ક કરો : 9662933957




RNI No. GUJ GUJ / 2000 / 2443 ★ Editor, Owner, Publisher : Yousuf A. Jat. Bhuj-Kutch. ★ Published from Sawaya faliya, Bhuj-Kutch(Gujarat) ★ Office : Elite Printers, Opp. Sumra Deli, Bhuj.

Year - 26th ★ Issue - 4 ★ Date : 22th AUGUST, 2025, Friday ★ 27th Safar, H. 1447 ★ Pages - 3 ★ Phone : 98253 76396 ★ E-mail : farooqsaptahik@gmail.com

## અમદાવાદની શાળામાં વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થીની હત્યાથી તનાવ

### જમાઅતે ઈસ્લામી હિન્દે બનાવને વખોડયો, મૃતક વિદ્યાર્થીના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી સખત કાર્યવાહીની માગ કરી

તા. ૨૦–૮ ના અમદાવાદ ખાતે મણીનગર વિસ્તારમાં આવેલ સેવન્થ ડે સ્કૂલમાં ધો. ૧૦ અને ધો. ૮ ના વિદ્યાર્થી વચ્ચે ઝગડો થયો હતો જેમાં ધો. ૮ ના વિદ્યાર્થીએ તિક્ષ્ણ હથિયાર વડે ધો. ૧૦ ના વિદ્યાર્થી પર આક્રમણ કરતા તે સખત રીતે ઈજાગ્રસ્ત થયો હતો. ઈજાગ્રસ્ત વિદ્યાર્થીને ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં સારવાર દરમ્યાન તેનો મૃત્યુ થયો હતો. પોલીસે ધો. ૮ ના વિદ્યાર્થીની ધરપકડ કરી પ્રથમ હત્યાના પ્રયાસનો ગુનો અને ત્યારબાદ હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. હતભાગી વિદ્યાર્થીના સમાજના લોકોને જ્યારે આ બનાવની જાણ થઈ તો આક્રોશપૂર્વક શાળાની આસપાસ એકત્ર થઈ ગયા હતા. એક અખબારી અહેવાલ મુજબ ઉશ્કેરાયેલા ટોળાએ શાળામાં હાજર શિક્ષકો, આચાર્ય ને માર માર્યો હતો તેમજ સ્કૂલ બસ સ્ટાફના વાહનો, શાળાના સાધનોમાં તોડફોડ કરી હતી. પોલીસે જડબેસલાક બંદોબસ્ત ગોઠવી સ્થિતિ નિયંત્રણમાં લીધી હતી.

જમાઅતે ઈસ્લામી હિન્દ અમદાવાદ શહેર પ્રમુખ ઈકબાલ એહમદ મિરઝાએ આ હૃદયદ્રાવક ઘટનાને સખ્ત શબ્દોમાં વખોડી કાઢે છે. મૃત્યુ પામનાર વિદ્યાર્થીના કુટુંબીજનો માટે દિલથી સંવેદના વ્યક્ત કરી છે. અપરાધીનો અપરાધ અક્ષમ્ય છે, તેને સમાજમાં દાખલારૂપ સખ્ત સજા આપવામાં આવે તેવી માંગણી કરી છે. દેશમાં નફરત, ઘૃણા તેની પરાકાષ્ઠા એ છે. ચારેબાજુ સાંપ્રદાયિકતાના વિષયુક્ત વાતાવરણમાં આપણે જીવી રહ્યા હોય તેવી અનુભૂતિ થાય છે. વધારામાં દરેક ઘટનાને કોમી સ્વરૂપ આપીને તેની તીવ્રતાને વધુ તીવ્ર બનાવવામાં આવે છે. આ હૃદયદ્રાવક ઘટનાથી દેશના બધા જ નાગરિકોએ બોધ ગ્રહણ કરવો જોઈએ કે દેશમાં પ્રેમ, ભાઈચારા અને સદ્ભાવનાની પ્રસ્થાપના કરવી આપણાં સહુની સહિયારી જવાબદારી છે. ધાર્મિક મહાનુભાવોએ આગળ આવીને પ્રેમ – ભાઈચારાની પ્રસ્થાપના માટે લોકોનું માર્ગદર્શન કરવું જોઈએ.

ઈકબાલભાઈએ કહ્યું છે કે દુઃખ વ્યક્ત કરવા શબ્દો નથી મળતા, ધો. ૮ નો વિદ્યાર્થી નાની અમથી વાતમાં ધો. ૧૦ ના વિદ્યાર્થીને તીક્ષ્ણ ચાકુના ઉપરા ઉપરી ઘા મારીને મૃત્યુ નિપજાવી નાંખે. સમાચારો સાંભળીને મન મષ્તિક્ષ સુન્ન થઈ ગયા છે.

### વલ્લાહો અઅ્લમો

- ○ પપ્પા !
- ❑ જી, બેટા !
- ○ મુખ્ય ચૂંટણી અધિકારીની CCTV અંગે ટિપ્પણી બાદ નથી લાગતું કે રાજ્યસભા અને લોકસભાનું TV પર જીવંત પ્રસારણ રોકી દેવું જોઈએ, ત્યાં પણ તો આપણી માતાઓ–બહેનો, દિકરીઓ–વહુઓ બેઠી હોય છે.
- ❑ વલ્લાહો અઅ્લમો !!

## શિફા હોસ્પિટલને મોકાની દુકાન ભેટમાં મળી

### હાજીપીર હજ ટુરવાલા બંધુઓ દ્વારા ભુજના ન્યુ સ્ટેશન રોડ સ્થિત દુકાન શિફા હોસ્પિટલને સોંપાઈ



(ન્યૂઝ ડેસ્ક)

કચ્છમાં હજજ ઉમરાહ ટુર્સ માટે જાણીતા હાજીપીર હજજ ટુર્સના હાજી મોહમ્મદ સિદ્દીક મેણ અને હાજી મોહમ્મદ હનીફ મેણ દ્વારા તા. ૧૮–૮ ના ભુજના વ્યસ્ત વિસ્તાર ન્યુ સ્ટેશન રોડ પર આવેલી દુકાન તેમના વાલિદ મૌલાના અલ્હાજ અલીમોહમ્મદ મુંબઈવાળાની પ્રેરણાથી કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલને સોંપાઈ છે.

૨૩૨ ચો. ફૂટ મોકાની દુકાન શિફા હોસ્પિટલને સોંપવા બદલ ટ્રસ્ટના પ્રમુખ હાજી આદમ ચાકીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે ટ્રસ્ટના મંત્રીઓ યુસુફ એ. જત, ઈસ્માઈલ એ. સોનેજી, ખજાનચી હાજી અબ્દુલકરીમ મેમણ, ટ્રસ્ટી હાજી યાકુબ સોનારા, CA ઝહીર મેમણ, ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટીના પ્રમુખ અને મંત્રી ક્રમશઃ હાજી અલીમોહમ્મદ જત, હાજી જુમા નોડે, મોબાઈલ ક્લિનિક ઈન્ચાર્જ હાજી ઈશાક હિંગોરા, માનદ્ મેનેજર હાજી ઈબ્રાહીમ જત ઉપસ્થિત રહ્યા હતા.

# કચ્છભરમાં હર્ષોલ્લાસ સાથે આઝાદી પર્વ મનાવાયો



જીલ્લા કક્ષાની ઉજવણી ભચાઉ ખાતે



શિફા હોસ્પિટલ, ભુજ



મુસ્લિમ હાઈસ્કૂલ, ભુજ



યતીમખાના એહલે સુન્નત, ભુજ

### જીલ્લા કક્ષાની ઉજવણી ભચાઉ ખાતે

(જીલ્લા માહિતી કચેરી દ્વારા)

૭૯મા સ્વાતંત્ર્ય પર્વની કચ્છની જિલ્લા કક્ષાની ઉજવણી ભચાઉના SRPF ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવી હતી. કચ્છ જિલ્લા કલેકટરશ્રી આનંદ પટેલે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહીને ધ્વજવંદન કર્યું હતું. કલેકટરશ્રીએ પોલીસ અને હોમગાર્ડ પરેડનું નિરીક્ષણ કરીને મોટી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોનું અભિવાદન ઝીલ્યું હતું.

કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રીની પ્રેરણાથી શરૂ થયેલ રણોત્સવ આજે ગુજરાતનું તોરણ બની ચૂકયો છે. રણોત્સવથી સફેદરણને વિશ્વકક્ષાએ વધુ નામના પ્રાપ્ત થઈ છે. અહીં આવતા પ્રવાસીઓ થકી કચ્છની આર્થિક કરોડરજ્જુ વધુ મજબૂત બની છે. હસ્તકલા, હોટેલ, ટુર્સ–ટ્રાવેલ્સ ઉદ્યોગ સહિત અનેક ક્ષેત્રોમાં નવી રોજગારીનું નિમાર્ણ થયું છે. ગત વર્ષે રણોત્સવમાં રેકોર્ડબ્રેક ચાર લાખથી વધુ પ્રવાસીઓ આવ્યા અને સફેદ રણને માણ્યું હતું. કચ્છ એ હવે ગુજરાત સહિત ભારતના લોકો માટે, પ્રવાસનનું એક 'બેસ્ટ ડેસ્ટિનેશન' બન્યું છે.

આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડા, જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજા, ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજા, શ્રીમતી માલતીબેન મહેશ્વરી, શ્રી ત્રિકમ છાંગા, જિલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમ, પૂર્વ કચ્છ પોલીસ અધિકક્ષકશ્રી સાગર બાગમાર, પશ્ચિમ કચ્છ પોલીસ અધિકક્ષક શ્રી વિકાસ, તાલીમી સનદી અધિકારી એમ. ધરિણી, નિવાસી અધિક કલેકટરશ્રી ડી.પી. ચૌહાણ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી નિકુંજ પરીખ, ભચાઉ પ્રાંત અધિકારી શ્રીમતિ જ્યોતિ ગોહિલ, મામલતદારશ્રી મોડસિંગ રાજપૂત સહિત પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ, વિદ્યાર્થીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### (ન્યૂઝ ડેસ્ક)
### શિફા હોસ્પિટલ, ભુજ

કચ્છ મુસ્લિમ શિફા હોસ્પિટલના પ્રાંગણમાં ૭૯મો સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયો. ટ્રસ્ટના પ્રમુખ હાજી આદમ ચાકીના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો. અલ્પેશભાઈ ઠક્કર મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મંત્રીઓ યુસુફ એ. જત, ઈસ્માઈલ એ. સોનેજી, ખજાનચી હાજી અબ્દુલકરીમ મેમણ, CA ઝહીરભાઈ મેમણ, હાજીઈશાક હિંગોરા, હાજીઈબ્રાહીમ જત, હાજીસિકંદર ચાકી, ઝાહિદ કાનિયા, રોશન ચાકી, વલીમોહમ્મદ ખત્રી, હાજીઈસ્માઈલ લાડકા, હનીફ જત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### મુસ્લિમ હાઈસ્કૂલ, ભુજ

ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલફેર સોસાયટી સંચાલિત શૈક્ષણિક સંકુલમાં સંસ્થાના વાઈસ ચેરમેન અમીરઅલી એચ. લોઢીયાએ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતું. કાર્યક્રમની શરૂઆતમાં મુસ્તાક હિંગોરા અને રાયમા સિકંદરએ તિલાવત કરી હતી. વિદ્યાર્થીઓએ ‘‘લબ પે આતી હે’’ દુઆ રજૂ કરી હતી. શાળાના આચાર્ય જુસબખાન આઈ. ટાંકે મહેમાનોનું સ્વાગત કર્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમઓ રજૂ કર્યા હતા. ઝેરીયા ફાતિમાએ નાત, દેપાળા રેહાન, લંગા અયાન અને રીદાએ દેશભકિત ગીત રજૂ કર્યા હતા, હિંગોરા જીદાન મુસ્તાકે સ્વતંત્ર પર્વ પર ‘‘સ્વતંત્રનું મહત્વ’’ સમજાવ્યું હતું. ખત્રી આઈશા એ ભારતીય ધ્વજનો ઈતિહાસ રજૂ કર્યું હતું. આરબ જાબીર સાથી ગ્રુપે પિરામિડ રજૂ કર્યું હતું. માહિરાએ એકશન સોંગ રજૂ કર્યા હતા, જયારે ખત્રી રેહાને માઈમ રજુ કર્યું હતું. સંસ્થાના સેક્રેટરી જુમા આઈ. નોડે પ્રાસંગિક પ્રવચનમાં આઝાદ દેશમાં નાગરિક તરીકેની આપણી ફરજો, જવાબદારીઓ વિશે જણાવ્યું હતું. સંસ્થાના ચેરમેન અલીમોહમ્મદ એમ. જતએ જણાવ્યું હતું કે આપણે સૌ સાથે મળી દેશને વિકાસ તરફ લઈ જઈએ દેશે આપણે શું આપ્યું એ વિચારનો ત્યાગ કરીને દેશ માટે આપણે શું કરી શકીએ એ બાબતોનો વિચાર કરવું જોઈએ. કાર્યક્રમનું સંચાલન મહમદફારૂક કે. સમા અને ભજીર ઉસ્માનગનીએ કર્યું હતું. આ પ્રસંગે આર. જે. રાતડા (પી. આઈ. જિલ્લા પોલીસ હેડકવાર્ટર)એ ખાસ હાજરી આપી હતી. સંસ્થાના સેક્રેટરી યુનુસ હિંગોરા તેમજ અન્ય ટ્રસ્ટી મંડળે હાજરી આપી હતી.

### યતીમખાના એહલે સુન્નત, ભુજ

યતીમખાના એહલે સુન્નત સંચાલિત યસ શાળામાં ધ્વજારોહણ શાળાના ચેરમેન મોહમ્મદઅસલમ સમા હસ્તે કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆત તિલાવતે કુર્આન મજીદથી જત

(અનુસંધાન પાના ૩ ઉપર)






## બાંધકામ ટેન્ડર નિવિદા (ત્રીજો પ્રયાસ)

ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી ભુજ – કચ્છ દ્વારા મ્યુઝ કેમ્પસ ખારસરા ગ્રાઉન્ડ થી એરપોર્ટ રીંગરોડ, ભુજ કચ્છ મધ્યે ગર્લ્સ કોલેજ અને હોસ્ટેલના બાંધકામ માટે આથી આ ટેન્ડર મંગાવવામાં આવે છે જેની વિગત નીચે મુજબ છે

| બાંધકામ | કામની વિગત | સમય | ટેન્ડર ફી | ડિપોઝિટ |
|---|---|---|---|---|
| ૧૩૮૦૦ ચોરસ ફુટ | ૧) કાચા માલથી મજૂરી ૨) માલ મજૂરી સહિત | ૧૨ (બાર) માસ | રૂા. ૧૦૦૦ | રૂા. ૫૦,૦૦૦ |

ઉક્ત કામ માટે રસ ધરાવતા કોન્ટ્રાકટરોએ સંસ્થાની કચેરીએ મ્યુઝ કેમ્પસ ખારસરા ગ્રાઉન્ડ થી એરપોર્ટ રીંગરોડ, ભુજ–કચ્છ, મોબાઈલ નંબર – ૬૩૫૨૪ ૨૮૯૭૬ મધ્યેથી તા. ૧૯–૦૮–૨૦૨૫ થી ૦૨–૦૯–૨૦૨૫ સમય ૦૯.૦૦ થી ૧૨:૦૦ સંપર્ક કરી ટેન્ડર તથા માહિતી મેળવી શકશો. જે તારીખ ૦૬–૦૯–૨૦૨૫ સુધી મા કાચા માલથી મજૂરી અને માલ મજૂરી સહિત કામ ના અલગ અલગ ભાવ સીલબંધ કવરમાં આપવાના રહેશે

સેક્રેટરી, ટ્રસ્ટ મંડળ,
બાંધકામ સમિતિ

ધી મુસ્લિમ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, ભુજ – કચ્છ










# ખારોઈ સુન્ની મુસ્લિમ સમાજના હોદેદાર વરાયા

(ન્યૂઝ ડેસ્ક) તા. ૧૭/૮ના ખારોઈ, તા. ભચાઉ ખાતે પીર સૈયદ મોહંમદશા પીર પડલશાની આગેવાની અને માર્ગદર્શન હેઠળ ખારોઈ સુન્ની મુસ્લિમ જમાતના હોદેદારોની વરણી નીચે મુજબ થઈ છે :

રાજા અકબર ઓસમાણ (પ્રમુખ), સીદી પીરૂ ઈસા (ઉપપ્રમુખ), કુંભાર ઉમર હાજી હાજીઅલી (ઉપપ્રમુખ), અલી હુસૈન ખાસકેલી (મહામંત્રી), કાસમ માદરીયા ખાસકેલી (મંત્રી), મુસા જુમા સીદી (સહમંત્રી), ઈમ્તિયાઝ સુલેમાન ખાસકેલી (સહમંત્રી), રફીક હામિદ સીદી (ખજાનચી), રમજુ ભચુ ખલીફા (સહખજાનચી), હારૂન જુસબ માંજોઠી (સલાહકાર), ગુલમામદ અલાના (સલાહકાર), કરીમ ઓસમાણ ખાસકેલી (મુતવલી), નાથા આમદ ખાસકેલી (સહમુતવલી), ઈકબાલ ધૂરા ખાસકેલી (સભ્ય), રમજુ હાસમ ઘાંચી (સભ્ય), સત્તાર હુસૈન ખલીફા (સભ્ય).

## સુંદરપુરીમાં ઈદે મીલાદની તકરીરો

(ન્યૂઝ ડેસ્ક) ગાંધીધામ, નવી સુંદરપુરી ખાતે હુસેની એકતા દ્વારા તા. ૨૫/૮ થી સળંગ ૧૨ દિવસ દરરોજ રાત્રે ૯:૩૦ કલાકે તકરીર યોજાશે જેમાં મૌલાના અબ્દુલસત્તાર માંજોઠી તકરીર ફરમાવશે. તેવું કમિટીના પ્રમુખ લતીફ ખલીફાએ જણાવ્યું છે.

## બહેનો માટે રબીઉલ અવ્વલની તકરીરો

(ન્યૂઝ ડેસ્ક) તા. ૧ થી ૧૨ રબીઉલ અવ્વલ દરરોજ અસર નમાઝ બાદ બહેનો માટે તકરીરનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે જેમાં સુખપુરવાલા સૈયદા રૂખસારમા તકરીર ફરમાવશે. સર્વે બહેનોને શિરકત કરવા જાહેર આમંત્રણ છે. **સ્થળ :** ખારી વાડી, રાહુલનગર, ભુજ.

## શરઈ અહકામ

# નમાઝની રીત–ફર્ઝ–વાજીબાત

**(ગતાંકથી ચાલુ)**

ઘણીવાર નમાઝ પઢતી વખતે એમાય ખાસ જયારે જમાત સાથે નમાઝ પઢવામાં આવે છે ત્યારે શેતાન મનમાં ખ્યાલ નાખે છે કે ‘સતત બાજુવાળાના પગને જોયા કર, આના પગને જો, ઓના પગને જો’ એવા સમયે પોતાને આ વૃત્તિથી ખાસ અટકાવવું જોઈએ અને ધ્યાનથી માત્ર પોતાના પગ તરફ નજર રાખવી બાજુવાળાના પગ કેવા છે, તેની આંગળીઓ કેવી છે, એનો રંગ ગોરો છે કે કાળો છે તેના પગ ઉપર મેલ છે કે નહીં વાળ છે કે નહીં આ બધી બાબતો જોવાની જરૂરત નથી. કારણ કે શેતાન આ જ રીતે વ્યકિતને મશગૂલ કરી નાખે છે કે તે નમાઝ દરમિયાન ગેરમાર્ગે દોરાઈ જાય અને બરકતોથી મેહરૂમ થઈ જાય. આથી ખૂબ જ ખુલુસની સાથે (મગ્ન થઈને) પગના ઉપરના ભાગ પર ધ્યાનપૂર્વક નજરને જમાવી રાખે અને આજુબાજુ જુએ નહીં. ત્યારબાદ ઈમામ માટે સુન્નત એ છે કે **સમીઅલ્લાહુ લિમન હમિદા** પઢે મુકતદી સમીઅલ્લાહુ લિમન હમિદા નહિ પઢે પરંતુ તેઓ **રબ્બના લકલ હમ્દ** અથવા **રબ્બના વ લકલ હમ્દ** કહેશે એમ પણ કહી શકે છે કે **અલ્લાહુમા રબ્બના લકલ હમ્દ, અલ્લાહુમ્મા વ લકલ હમ્દ** આ ચારેય પધ્ધતિઓ જાઈઝ છે. ત્યારબાદ ઈમામ સાહેબ **અલ્લાહુ અકબર** કહી સજદામાં જવા માટે તકબીર લગાડશે, મુકતદીઓ માટે પણ આ **તકબીર** લગાડવી સુન્નત છે, **રૂકુઅ** કરવાની આ સંપૂર્ણ પધ્ધતિ છે.

હવે જયારે વ્યકિત **અલ્લાહુ અકબર** કહેતા સજદામાં જાય ત્યારે સુન્નત તરીકાની વાત કરીએ, (બીમાર અને સ્ત્રીઓ માટેની પધ્ધતિ થોડીક અલગ છે જેનું વર્ણન પછી કરશું) જે સ્વસ્થ છે તેવા ભાઈઓ માટે સજદો કરવાની સુન્નત રીત એ છે કે જયારે સજદામાં જવા માંડે ત્યારે પોતાના બંને હાથ ઘૂંટણ પર રાખે અને ધીમેથી બંને ઘૂંટણ જમીન પર રાખે અને ત્યારબાદ જમીન પર ટેકવે. હવે બંને હાથ જમીન પર રાખે અને ત્યારબાદ નાક અને કપાળ જમીન પર મુકે. સૌપ્રથમ ઘૂંટણ જમીન પર ધીમેથી ટેકવશે હાથની કેફીયત સજદામાં એ રીતે હશે કે, બધી જ આંગળીઓ કિબલા તરફ હોય અને તેની મૂળ સ્થિતિ પર રહેવા દે, ન તો જોડે ન તો ફેલાવે. ત્યારબાદ નાક અને કપાળ જમીન પર મુકે. હાથ એવી રીતે હોવા જોઈએ કે તેના અંગૂઠાનો ઉપરનો ભાગ (ટોચ) કાનની બુટને એકદમ સિધમાં હોય અને નાકની માત્ર ટોચ નહીં પરંતુ નાકનું જે સખત હાડકુ છે તે પણ જમીન પર અડવું જોઈએ. એમ નહીં કે એકદમ જોરથી નાક દબાવે કે આડું થઈ જાય અથવા નાકનું હાડકું જ કેક થઈ જાય. ઘણી વખત મસઅલા ન સમજવાના કારણે આ અતિશયોકિત થઈ જતી હોય છે અને તેને ટાળવું જોઈએ. ત્યારબાદ કપાળ ને જમીન પર મુકવું.

**(ક્રમશઃ)**

## ઈબાદત સપ્તાહ

| તારીખ | સૂર્યોદય | સૂર્યાસ્ત | ઝવાલ | અસર | મગ્રીબ | ઈફતાર |
|---|---|---|---|---|---|---|
| ૨૨–૦૮–૨૫ | ૬–૩૩ | ૭–૧૯ | ૧૨–૫૬ | ૫–૨૫ | ૫–૦૧ | ૭–૨૩ |
| ૨૩–૦૮–૨૫ | ૬–૩૩ | ૭–૧૮ | ૧૨–૫૬ | ૫–૨૫ | ૫–૦૧ | ૭–૨૨ |
| ૨૪–૦૮–૨૫ | ૬–૩૪ | ૭–૧૭ | ૧૨–૫૬ | ૫–૨૦ | ૫–૦૨ | ૭–૨૧ |
| ૨૫–૦૮–૨૫ | ૬–૩૪ | ૭–૧૬ | ૧૨–૫૫ | ૫–૨૦ | ૫–૦૨ | ૭–૨૦ |
| ૨૬–૦૮–૨૫ | ૬–૩૪ | ૭–૧૫ | ૧૨–૫૫ | ૫–૨૦ | ૫–૦૩ | ૭–૧૯ |
| ૨૭–૦૮–૨૫ | ૬–૩૪ | ૭–૧૪ | ૧૨–૫૪ | ૫–૨૦ | ૫–૦૩ | ૭–૧૮ |
| ૨૮–૦૮–૨૫ | ૬–૩૫ | ૭–૧૩ | ૧૨–૫૪ | ૫–૨૦ | ૫–૦૪ | ૭–૧૭ |

બાજુમાં દર્શાવેલ સમય ભુજ-માંડવી માટે છે.

કચ્છના અન્ય શહેરો માટે નીચે પ્રમાણે મિનિટો વધ-ઘટ કરવી

## પ્રશ્નોત્તરી – ૧૨૫૪



ઈસ્માઈલ એ. સોનેજી B.Sc., B.Ed.

**(૧)** કુર્આન શરીફની કઈ **સૂરઃ** માં ઉલ્લેખ છે કે વર્ષના ૧૨ મહિના છે.

**(૨)** હઝરત અલી રદિયલ્લાહો અન્હોએ ઈસ્લામી રાજધાની મદીનાથી ક્યાં ખસેડી ?

**(૩)** જો પૃથ્વી પર રહેલી વનસ્પતિઓ સમાપ્ત થઈ જાય તો ક્યા વાયુની ખામી સર્જાય ?

**(૪)** ન્યૂયોર્ક સ્ટોક એક્ષચેન્જમાં સૌથી પહેલી કઈ ભારતીય કંપની લિસ્ટેડ થઈ હતી ?

**(૫)** ભારતનો એકમાત્ર સક્રીય જ્વાળામુખી કયો છે ?

**પરખ–૧૨૫૨નાં જવાબ :**

(૧) અલ્લાહ પાકે મુશ્રિક વ્યક્તિ માટે ફરમાવ્યું કે એવો છે જાણે આસમાનની બુલંદીઓથી નીચે પડ્યો પછી તેને એક પક્ષી ઊંચકીને લઈ જાય અથવા તેજ હવા ઉઠાવીને જ્યાં ઈચ્છે ત્યાં ફેંકી દે.

(૨) તવાફ દરમ્યાન **સંગ–એ–અસવદ** ને સ્પર્શ કરવાનાં અમલને **‘ઈસ્તિલામ’** કહેવામાં આવે છે.

(૩) સર્કી સલ્તનતની સ્થાપના ‘ખ્વાજા–એ–જહાં મલિક સરવર’એ કરી.

(૪) પંચાયતી રાજ વ્યવસ્થા રાજસ્થાનનાં નાગોર જિલ્લાથી કરવામાં આવી.

(૫) ઈબ્ને બતુતા ‘મોરોક્કો’નાં વતની હતા.

**પાંચ સાચા જવાબ આપનાર વાચકો :**

આબેદીન નૂરમોહંમદ જેડા–સિક્કા (જામનગર).

તૈયબ જુસબભાઈ જેડા–માળીયા મિયાણા.

**ચાર સાચા જવાબ આપનાર વાચકો :**

ચાકી ઈમ્તિયાઝ અબ્દુલગની–મથલ.

**નોંધ : Google પર સર્ચ કરવાથી ઘણાં પ્રશ્નોનાં જવાબ મળી શકે તેમ છે. જેથી આપનાં જ્ઞાનમાં વધારો થશે.**

**નોંધ : ઓછામાં ઓછા ત્રણ સાચા જવાબ હશે તેમનાં નામ પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**નોંધ : પરખના જવાબ SMS મારફત પણ મોકલી શકાય છે. મોબાઈલ નં. 81415 78692 (ઈસ્માઈલ સોનેજી)**

## મુસાખાનના સવાલ મુફ્તી સાહેબના જવાબ

**પ્રશ્નોના જવાબ સુન્ની હનફી મસલક પ્રમાણે છે**

**સવાલ : જો ફજરની અઝાન વક્તથી પહેલાં પઢવામાં આવી તો તે અઝાન થઈ કે નહિં ?**

*જવાબ : તે અઝાન ફરીથી પઢવી પડશે કારણ કે વક્તથી પહેલાં જે અઝાન પઢવામાં આવી તે થઈ નહિં. (આલમગીરી, પેજ–૨૭)*

**સવાલ : અઝાન પઢતી વખતે મોઅઝ્ઝીનનો વુઝૂ વચમાં તુટી ગયો તો શું વુઝૂ કરીને ફરીથી અઝાન આપવી પડશે કે કેમ ?**

*જવાબ : મુફ્તીઓનું કહેવું છે કે અઝાન પૂરી કરે અને પછી વુઝૂ કરી લે. અઝાન ફરી આપવાની જરૂર નથી. (આલમગીરી પેજ–૨૮; દુર્રે મુખ્તાર પેજ–૧૮૩)*

**સવાલ : અઝાનમાં થોડાક શબ્દ ભૂલી ગયો અથવા શબ્દો આગળ–પાછળ થઈ ગયા તો શું હુકમ છે ?**

*જવાબ : અઝાનમાં શબ્દો આગળ–પાછળ થઈ જાય તો શબ્દોને ફરી તેની જગ્યાએ દોહરાવીને અઝાન તરતીબવાર પૂરી કરે અને એમ કર્યું નહિં અને અઝાન પૂરી કરી દીધી તો થઈ ગઈ. દોહરાવવાની જરૂરત નથી. પણ જો અઝાનના થોડા શબ્દો ભૂલી ગયો અને અઝાન પરી કરી દીધી તો અઝાન ફરીથી પઢે. (આલમગીરી પેજ–૫૮; કાઝીખાન પેજ–૭૫; દુર્રે મુખ્તાર પેજ–૧૮૧)*

**સવાલ : જેને જનાબતનો ગુસલ (કરવો ફર્ઝ થઈ ગયો) છે એવો જુનબી (એટલે નાપાક) અઝાન આપે તો શું હુકમ છે ?**

*જવાબ : જુનબીની અઝાન મકરૂહે તેહરીમી છે. જો જુનબીએ (જેના ઉપર ગુસલ કરવું ફર્ઝ છે તેણે) અઝાન આપી તો તે અઝાન ફરીથી આપવી પડશે. (આલમગીરી પેજ–૫૫; દુર્રે મુખ્તાર પેજ–૧૮૨)*

**સંકલન : મૌલાના મુસાખાન એમ. પઠાણ**
મુ. પો. દહીંસરા, તા. ભુજ–કચ્છ.


નિસાર તેરી ચહલ-પહલ પર હઝારોં ઈદે રબીઉલ અવ્વલ,
સિવાયે ઈબ્લીસ કે જહાંમેં સભીતો ખુશીયાં મના રહે હૈં.

જીધર જીધર ગયે કરમ હી કરમ કરતે ગયે,
કિસીને માંગા ન માંગા જોલીયાં ભરતે ગયે.

જશ્ને મીલાદુન્નબી (સલલ્લાહો અલયહે વસલ્લમ)

૧ થી ૧૨ રબીઉલ અવ્વલ સુધી સળંગ ૧૨ તકરીર

: મુકરરિ ખાસ :



હઝરત મૌલાના હાફિઝ અનવર નવાઝી નકશબંદી

: એનાઉન્સર :
મૌલાના મોહંમદઅલી અકબરી
(પેશઈમામ : સરાયાવાલી મસ્જિદ, ભુજ.)

: ન્આતખ્વાં :
સુમરા માસૂમ મોહંમદરફીક
(ભુજ-કચ્છ)

સમય : દરરોજ ઈશા નમાઝ બાદ
સ્થળ : મદરસાની બાજુમાં, બકાલી કોલોની, પાટવાડી નાકા બહાર, ભુજ-કચ્છ.

નિમંત્રક :
ગુલઝારે મુસ્તફા કમિટી
બકાલી કોલોની, પાટવાડી નાકા બહાર, ભુજ.

નોંધ : જુમ્આ નમાઝમાં એલાન કરવા ગુઝારિશ.
બહેનો માટે બેસવાની અલગ વ્યવસ્થા છે.
આશિકાને રસૂલને ખાસ ગુઝારિશ છે કે
આ બરકતવાળા દિવસોમાં પોતાના ઘરોને
રોશની અને ઝંડાઓથી સજાવે.



ફીરોઝ ચાકી : Mo. : 99782 21888
તૌસિફ ચાકી : Mo. : 99988 71666

અમીત ઓપ્ટીકસ
ફ્રી કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ ટેસ્ટીંગ
સસ્તું અને સારૂં
દુકાન નં. ૨, શ્રી પ્રસાદ કોમ્પલેક્ષ, મહેરઅલી ચોક, ભુજ-કચ્છ.
ખાવડા મેસુક ઘરની બાજુમાં, હોસ્પિટલ રોડ, ભુજ.



જુલાઈ-ઓગષ્ટ ઉમરાહ બુકીંગ ચાલુ છે

ડિલક્ષ ઉમરાહ 97500 સફર ૨૦ દિવસ મક્કા હોટલ ૨૫૦ મીટર | 90500 સફર ૧૫ દિવસ મદીના હોટલ ૩૦૦ મીટર

સેમી ડિલક્ષ 88500 સફર ૨૦ દિવસ મક્કા હોટલ ૮૦૦ મીટર | 82500 સફર ૧૫ દિવસ મદીના હોટલ ૮૦૦ મીટર

ભુજ થી ભુજ - માંડવી થી માંડવી - ડાયરેક્ટ ફ્લાઈટ

બજેટ ઉમરાહ 74500/- બસ સર્વિસ હોટલ

મક્કા અને મદીના શરીફની તમામ ઝિયારતો સાથે
મસ્જિદ એ ઝોહરાના અને તાઈફથી ઉમરાહ,
બદર, વાદીએ જીન્ન અને બીજી ઘણી બધી ઝિયારતો

: વધુ માહિતી અને બુકીંગ માટે સંપર્ક કરો :

જીલાની ટુર
ઘાયરા પીર દરગાહ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, માંડવી-કચ્છ.
સૈયદ પીર ઝૈનુલઆબેદીન જીલાની : ૯૯૦૯૮ ૬૬૭૮૬



SINCE : 2000
ફારૂક સાપ્તાહિક
દર શુકવારે વ્હોટ્સએપ પર ફારૂક સાપ્તાહિક મેળવવા સંપર્ક કરો :
મુસ્તાકભાઈ સીદી
96629 33957


**: નોંધ :**

ફારૂક સાપ્તાહિકમાં આવતી વ્યવસાયિક જાહેરાતોમાં સેવા અને ગુણવત્તાના દાવાઓ વિજ્ઞાપનદાતાઓ દ્વારા થાય છે તેની ખરાઈ વાચકોએ કરવાની રહે છે.

મઝહબી લખાણોની બેઅદબી ન થાય તે અપેક્ષિત છે. – તંત્રી


રજી. નં. ઈ-૩૩૫૦/કચ્છ.

મુસ્લિમ શિફા મેડિકલ ટ્રસ્ટ
નવા રેલ્વે સ્ટેશન સામે, ભુજ-કચ્છ. ફોન : ૭૩ ૮૩ ૮૫ ૩૩ ૫૦

તા. ૧૯/૦૮/૨૦૨૫ સુધી મળેલ દાન
50,000/- સોરા પુના હાજી સુમાર - ચરાખરા (નખત્રાણા)
15,700/- સોલારિસ કંપનીના કામદારો તરફથી - ખાવડા (બન્ની)
22,630/- મોટા કપાયા સુન્ની મુસ્લિમ જમાત - મોટા કપાયા
37,050/- ઝરપરા સુન્ની મુસ્લિમ જમાત - ઝરપરા
51,000/- મારવાડા સમાજ - હોડકા
51,000/- હાજીનૂરમામદ મુસા જુણેજા - બેરાજા
10,000/- મુતવા તોસીફ લુકમાન - ગોરેવાલી

રૂા. ૫,૦૦૦/- થી વધુ દાન આપનાર દાતાઓના નામ ‘ફારૂક’ સાપ્તાહિકમાં તેમની સહમતી થી પ્રસિધ્ધ કરવામાં આવશે



Visit us at :
Farooqsaptahik.com



સખી-દાતા-ગુજારીસ
દાદા | દાદી
સાથી હાથ બઢાના એક અકેલા થક જાયગા
ઝકાત • લિલ્લા • હદીયા
મહેનત અને રૂપિયા થકી
વૃધ્ધ, વિકલાંગ, મંદ બુધ્ધી વ્યકતિને રોજ એક ટાઈમનું ફ્રી ભોજન
ગરીબ બહેનોને રાહત રોજગાર ગરીબની પાર્ટ ટાઈમ શાળા
મુસ્લિમ આશાબા વૃધ્ધ ભોજનાલય, ગૃહશાળા ભુજ-કચ્છ
સ્થળ : બી ડીવીજન પોલીસ સ્ટેશન પાછળ, સરપટ ગેટ અંદર ભુજ કચ્છ

આર્થિક સહકાર આપવા નમ્ર અપીલ - બેન્ક ખાતાની વિગત :
Bank Name : Indian Bank, Bhuj Branch.
Account Name :
Muslim Aashaba Vruddh Bhojnalay And Gruhshala
Account No.: 7326846090 IFSC : IDIB000B044

સંપર્ક
આમદભા ખત્રી
મો.૯૯૭૪૮૪૩૬૩૨



• ડો. શહીદાબેન અરોરા મો. ૯૭૧૨૪ ૪૯૦૯૦
• હારૂનભાઈ ખત્રી મો. ૯૯૨૫૮ ૫૪૧૭૦

કાનુની સલાહકાર:
અશોક સી. માંડલિયા (એડવોકેટ)
મો. ૯૮૨૫૧ ૬૬૬૦૬

સત્ય જુઓ
સત્ય પરખો
સત્ય અમલકરો
સહકાર આપો

કુછ ન કહને સે ભી છિન જાતા હૈ એજાઝે સુખન,
ઝુલ્મ સહને સે ભી ઝાલિમ કી મદદ હોતી હૈ.
– મુઝફ્ફર વારસી

એજાઝે સુખન = સંબોધનની ખૂબી

ફારૂક સાપ્તાહિક E-Paper

## તંત્રી સ્થાનેથી...

# વોટ ચોરી : તટસ્થ પત્રકારો અને કર્મશીલો ગોદી મીડિયા પર ભારી

વોટ ચોરીના મામલામાં આક્રમક બનેલા લોક સભાના વિપક્ષના નેતા અને કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધીએ બિહાર રાજ્યમાં મતદાર અધિકાર યાત્રાનો આરંભ સાસારામથી કર્યો છે. આ યાત્રા બિહારમાં ૧૬ દિવસ ચાલશે ૨૫ જિલ્લાઓમાં ફરશે અને ૧૩૦૦ કિ.મી.નો અંતર કાપશે. નવી દિલ્હી ખાતે તા. ૭/૮/૨૦૨૫ના પત્રકાર પરિષદમાં ચૂંટણીપંચ અને ભાજપ સામે મિલીભગતના સીધા આક્ષેપો સાથે બેંગ્લોર મધ્યે લોકસભા વિસ્તારમાં આવતા મહાદેવપુરા વિધાનસભા વિસ્તારમાં ૧,૦૦,૨૫૦ ખોટા મતો હોવાના પૂરાવા આપવાનો દાવો તેમણે કર્યો હતો. માસ નવેમ્બર સુધી બિહારમાં ચૂંટણીઓ થવાની છે તે અગાઉ ચૂંટણી પંચે SIR (વિશેષ સઘન સુધારો) કર્યો છે જેમાં ૬૫ લાખ મતદારોના નામ કમી થયા છે. રાહુલ ગાંધી SIRને મતદારોના મત ચોરી કરવાની પધ્ધતિ કહી રહ્યા છે અને આ બાબતે બિહારના મતદારોને જાગૃત કરવા તેમણે RJD અને ઈન્ડિયા ગઠબંધનના અન્ય પક્ષો સાથે મતદાર અધિકારનો આરંભ તા. ૧૭/૮/૨૦૨૫ના કર્યો છે. તે જ દિવસે ભારતીય ચૂંટણી પંચના મુખ્ય અધિકારી (CEC)એ નવી દિલ્હીમાં નેશનલ મીડિયા સેન્ટર ખાતે પત્રકાર પરિષદ યોજીને જે ભાષાનો પ્રયોગ કર્યો છે અને જે રીતે તટસ્થ પત્રકારોના અણીયારા પ્રશ્નો ટાળ્યા છે તેના પર ભારતના વરિષ્ઠ પત્રકારો – કર્મશીલોએ સખત પ્રતિક્રિયાઓ આપી છે અને મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશ કુમારની સખત શબ્દોમાં ટીકા કરી છે. બિહારની મતદાર અધિકાર યાત્રામાં રાહુલ ગાંધીએ એવો દાવો કર્યો છે કે, ૨૦૨૩ માં મોદી સરકાર દ્વારા નવો કાયદો બનાવવામાં આવ્યો છે જે થકી ચૂંટણી પંચ પર કોઈ અદાલતમાં કોઈ કેસ કરી શકાતું નથી, શા માટે ?

કર્મશીલ યોગેન્દ્ર યાદવે ત્રણ મીનિટ બાવન સેકેન્ડનો જે વિડીયો પોસ્ટ કર્યો છે તે ઐતિહાસિક અભિવ્યકિત છે જેને ભવિષ્યમાં સદીઓ સુધી યાદ કરવામાં આવશે. તેમણે કહ્યું કે CECની પત્રકાર પરિષદ બાદ 'હિન્દુ' અખબારે લખ્યું છે કે ચૂંટણી પંચની સાખ આટલી નીચે કયારે નથી આવી જેટલી આજે આવી છે. પત્રકાર પરિષદમાં CEC ને પૂછવામાં આવ્યું કે તમે રાહુલ ગાંધી પાસેથી આરોપો બદલ સોગંદનામું માંગો છો તો (ભાજપના) અનુરાગ ઠાકુર પાસેથી સોગંદનામું કેમ નથી માંગતા ? યોગેન્દ્ર યાદવે પ્રશ્ન કર્યા છે કે, બેંગ્લોરનાં જે પ્રમાણ દેખાડવામાં આવ્યા છે શું તમે તેની તપાસ કરશો ? આનાથી અગાઉ જે લોકોએ સોગંદનામા રજૂ કર્યા છે તેમને કેમ કોઈ જવાબ નથી મળ્યા ? શું એવું માનવામાં આવે કે ૨૦૨૪માં જે મતદાર યાદી હતી તે ભૂલભરેલી હતી તેમાં કોઈ કપટ થયો હતો ? બિહારમાં SIR વડે મતો કપાયા છે પણ કોઈ મત ઉમેરાયા છે કે કેમ ? ઉમેરાયા છે તો કેટલા ઉમેરાયા છે ? યોગેન્દ્ર યાદવે કહ્યું કે, ઉકત પ્રશ્નોના જવાબ આપવાના બદલે CEC લફ્ફાઝી (રાજકીય ઢબની ભાષા) અને ધમકીના સ્વરમાં વાત કરી રહ્યા છે. તેમણે ૨૦૦૨માં રહેલા CEC જે. એમ. લિંગ્દોહની યાદ અપાવી હતી જેમની મશ્કરી તત્કાલીન ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ચૂંટણી મંચો પરથી કરી હતી. છતાં લિંગ્દોહ નતમસ્તક રહી પોતાનો કામ જારી રાખ્યો હતો. ખરેખર હોવું એ જોઈતું હતું કે રાહુલ ગાંધીએ જયારે ચૂંટણી પંચ પર આરોપ લગાવ્યા ત્યારે તેમણે કહેવું જોઈએ કે, આ બાબતની તપાસ કરવામા આવશે. યોગેન્દ્ર યાદવે અંતે જે શબ્દો પ્રયોગ કર્યા છે તે બહુજ નીડર, ભારે અને આવનારી પેઢીઓ યાદ રાખશે એવા છે : **''મેં વિશ્વના ચૂંટણી પંચ જોયા છે. ભારતના ચૂંટણી પંચના વખાણ પણ કર્યા છે. મે લોકતાંત્રિક વ્યવસ્થાને પટકાતી જોઈ છે. ચૂંટણી પંચને નષ્ટ થતાં જોયા છે. તમને અનુરોધ પણ કરૂ છું અને ચેતવણી પણ આપું છું. આ મહાન સંસ્થાને જે માર્ગે લઈ જઈ રહ્યા છો તે પાકિસ્તાન અને બાંગ્લાદેશનો માર્ગ છે તેનાથી લોકતાંત્રિક વ્યવસ્થા ધ્વસ્ત થઈ જશે. પોતાના અહમ્ માટે ખોખલી વાતો અને ધમકીની ભાષા ન વાપરો, જો ચોરી થઈ છે તો તેની તપાસ કરાવો સીના જોરી ન કરો.''**

ધ વાયરના વરિષ્ઠ પત્રકાર આરફા ખાનમ શેરવાની એ પોતાના કાર્યક્રમમાં કહ્યું છે કે, ભારતીય ચૂંટણી પંચ પત્રકાર પરિષદમાં ખોખલી વાતો કરી રહ્યુ છે. જે પ્રશ્નોના જવાબ વિપક્ષ, પત્રકારો, લોકો પૂછી રહ્યા છે તેના પર ખામોશ છે : બિહારમાં કેટલા ફોર્મ જરૂરી દસ્તાવેજો સાથે જમા થયા ? SIR થકી કેટલા ગેરકાયદે પ્રવાસી નજર આવ્યા ? શું બિહારમાં NRC લાગુ કરવાની આ કોશિષ છે ? ABP ન્યુઝ ચેનલ પર વરિષ્ઠ પત્રકારો સંદિપ ચૌધરી અને દિબાંગે પણ ગંભીર પ્રશ્નો કર્યા છે. બંધારણીય હોદા પર બેઠા એક અધિકારી બંધારણીય હોદા પર બેઠા બીજા નેતા સાથે મીડિયા મારફત ધમકી ભરી વાતો શા માટે કરી રહ્યા છે ? તેમને કાર્યાલયે બોલાવી તેમની ફરિયાદ લઈ તપાસ શા માટે કરાવવામાં આવતી નથી ? રવિશકુમાર, અભિશાર શર્મા, સાક્ષી જોશી વગેરે પત્રકારોએ નીડરતાપૂર્વક પત્રકારની ફરજ બજાવી છે.

રાહુલ ગાંધીની તા. ૭/૮/૨૦૨૫ની દિલ્હી ખાતેની પત્રકાર પરિષદ પછી ભારતીય લોકતંત્ર માટે સારી બાબત એ ઉપસીને આવી છે કે મુખ્ય પ્રવાહની પ્રિન્ટ અને ઈલેકટ્રોનિક મીડિયામાં ગોદી પત્રકારોની વિશાળ ફોજ પર, ગણ્યા–ગાંઠયા તટસ્થ નિર્ભય પત્રકારો, નીડર કર્મશીલો ભારી પડી રહ્યા છે. બિહારમાં મતદાર અધિકાર યાત્રામાં ઉમટતી લોકોની સ્વયંભૂ ભીડ એ દર્શાવે છે કે ગોદી મીડિયા અને સોશ્યલ મીડિયા પરના ભ્રામક પ્રચારનો તેમના પર કોઈ અસર નથી. લોકોએ તટસ્થ પત્રકારોની વિશ્વસનીયતા સ્વીકારી લીધી છે.


ઈત્તિહાદુલ મુસ્લેમીન, અંજાર


આસ્થા શાળા, ભુજ


કચ્છ જિલ્લા કોંગ્રેસ


IBPC – દુબઈ


હસનૈન એજ્યુકેશન ટ્રસ્ટ – કુકમા


દાદુપીર રોડ – ભુજ


બહુમાળી ભવન, ભુજ


ભીડ પ્રાથમિક શાળા, ભુજ


રોયલ ફાઉન્ડેશન, ભુજ


ઢોરા (તા. નખત્રાણા)

(પ્રથમ પાનાથી ચાલુ)

## કચ્છભરમાં હર્ષોલ્લાસ સાથે આઝાદી પર્વ મનાવાયો

રિઝવાનએ કરી હતી. દેશભકિત ગીત, અભિનય ગીત, પ્રાસંગિક પ્રવચન વગેરે વિદ્યાર્થીઓ દ્વારા રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટી અબ્દુલકરીમ મેમણ, મેનેજીંગ ટ્રસ્ટી હાજી અહેમદ કુંભાર, નઝીરઅહેમદ મેમણ, હાજી યાકુબ મેમણ અને મુસ્તાક સૈયદ તેમજ મહેમાન પૂર્વ નગરસેવક ફકીરમામદ કુંભારે હાજરી આપી હતી. કાર્યક્રમનું સંચાલન શાળાના મ.શિ. મંજુલાબેન લોંચા અને રોજબીનબેન બડેચીએ કર્યું હતું.

### ઈત્તિહાદુલ મુસ્લેમીન, અંજાર

ઈત્તિહાદુલ મુસ્લેમીન એ હિન્દ ટ્રસ્ટ દ્વારા આગરીયા ફાર્મ, અંજાર સંસ્થાના સીનિયર ટ્રસ્ટી હાજી જુમ્મા રાયમાના હસ્તે ધ્વજવંદન કરાયું. સંસ્થાના ગુજરાત પ્રદેશના મહામંત્રી સૈયદ અનવરશા બાવા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સૈયદ જાફરશાબાવા દેશભકિત ભર્યા ગીત રજૂ કર્યા. સંસ્થાના પ્રમુખ હાજી મોહંમદ આગરીયાએ જણાવ્યું હતું કે દેશની આઝાદી મેળવવા આપણા પૂર્વજોએ ઘણા ત્યાગ કર્યા. જેના કારણે આજે આપણે સંપૂર્ણ સ્વતંત્ર ભારતમાં બિન સાંપ્રદાયિક બંધારણીય હકો મુજબનું એક સુખાકારી અને આઝાદ જીવન નિર્વાહ કરી રહ્યા છીએ.

આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી એડવોકેટ સાદિક રાયમા, ડો. હાજી ઈસ્માઈલ બાયડ, અમીરઅલી રાયમા, એડવોકેટ રઝાક બાયડ, હાજી સુલેમાન મંધરા, ઉમર જીએજા, ઈકબાલ મેમણ, મૌલાના મુબારક જત, રેહાન રાયમા, અશરફ જત, અબ્દુલ બાયડ, મુસ્તાક રાયમા, અમન રાયમા, હનીફ નોડે, સામત રાયમા, નઈમ બાયડ, આરીફ, હનીફ નોડે, હનીફ નારેજા, અબ્દુલ કુંભાર, સલીમ સમેજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા એવું સંસ્થાના પ્રવકતા જલાલશા સૈયદ જણાવ્યું છે.

### આસ્થા શાળા, ભુજ

આસ્થા શાળા, ભુજમાં કાર્યક્રમની શરૂઆત પરેડ અને રાષ્ટ્રગીત સાથે થઈ. ધો. ૧ અને ૨ના વિદ્યાર્થીએએ ''તેરા ઈમાન હે, રંગ દે બસંતી'' દેશભકિત નૃત્ય રજૂ કર્યું હતું.

સ્કૂલના મેનેજિંગ ડિરેકટર શ્રીમતી અફશા મેમણ દ્વારા અતિથિઓનું સ્વાગત કર્યું હતું. ધો. ૪ થી ૭ ના વિદ્યાર્થીઓએ ''જય હો – તિરંગા થીમ ડાન્સ'' દ્વારા દેશ પ્રેમનો ઉત્સાહ વ્યકત કર્યો. ધો. ૧ થી ૩ ના વિદ્યાર્થીઓએ ''ચક દે ઈન્ડિયા'' પિરામીડ ફોર્મેશન સાથેનું નૃત્ય રજૂ કર્યું. ધો. ૨ ના વિદ્યાર્થીઓએ ''વંદે માતરમ'' સોલો ડાન્સ રજૂ કર્યું હતું. ધો. ૪ થી ૬ ના વિદ્યાર્થીઓએ ''યે દેશ હે વીર જવાનો કા'' સોલો ગીત દ્વારા દેશપ્રેમનો સ્વર ગુંજાવ્યો.

કાર્યક્રમના મુખ્ય અતિથિ બી ડિવિઝનના પી.એસ.આઈ મયુર પટેલે બાળકોને ટ્રાફિક નિયમોની માહિતી આપી તેમજ રોડ નિયમો અંગે માર્ગદર્શન આપ્યું. શી ટીમની વડા શીતલ નાઈ મેડમ અને તેમની ટીમે બાળકોને ગૂડ ટચ, બેડ ટચ, જીવનમાં પોલીસનું મહત્વ અને તેમની કામગીરી અંગે સમજ આપી. ડ્રોઈંગ અને ક્રાફટ સ્પર્ધાના વિજેતાઓને સર્ટીફીકેટ તેમજ ઈનામો મહેમાનોના હસ્તે આપવામાં આવ્યા હતા.

ચેરમેન CA રેહાન મેમણ દ્વારા પધારેલા તમામ મહેમાનોને મોમેન્ટો અર્પણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન મિનાક્ષીબેન માનેરાઓ અને મિત્તલબેન વાઘેલાએ કર્યું હતું. કાર્યક્રમનું સંકલન એમ. આઈ. બાયડે કર્યું હતું. આભારવિધિ કૌશરબેન દ્વારા કરાઈ હતી.

### કચ્છ જિલ્લા કોંગ્રેસ

કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ વી. કે. હુંબલના હસ્તે કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવા દળના મુખ્ય સંયોજક રાજેશભાઈ સોનીની ટીમ દ્વારા સ્વાતંત્રયદિન નિમિત્તે જિલ્લા મથક ભુજ કચ્છ કોંગ્રેસ ભવન મધ્યે ધ્વજવંદન કરાયું હતું.

શ્રી હુંબલે સૌ દેશવાસીઓને સ્વાતંત્રય પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી અને ભારત દેશની આઝાદી માટે પોતાની જાનને ન્યોછાવર કરનાર શહીદોને યાદ કરીને શ્રધ્ધાંજલિ આપી હતી.

આ પ્રસંગે રામદેવસિંહ જાડેજા, કલ્પનાબેન જોશી, રફીક મારા, જયવીરસિંહ જાડેજા, લાખાજી સોઢા, કાસમ સમા, કિશોરદાન ગઢવી, ગની કુંભાર, રાજેશ આહીર, આઈશુબેન સમા, ફાલ્ગુની ગોર, ખીમકરણ ગઢવી, માનસી શાહ, ધીરજ ગરવા, અંજલી ગોર, હાસમ સમા, રસીકબા જાડેજા, ઈલીયાસ ઘાંચી, ફકીરમામદ કુંભાર, મુસ્તાક હિંગોરજા, પુષ્પાબેન સોલંકી, દિગ્વિજયસિંહ ઝાલા, રોબિન શાહ, રાજદીપ દેવધર, સીમાબેન રાજપૂત, અકીલ મેમણ, શહેઝાદ સમા, ગોવિંદ હિરાણી, હેમરાજ ગરવા, અમીત ગોર, જયંતી પારેખ, શકિત ચૌહાણ, તેહસીન મણીયાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### IBPC – દુબઈ

ઈન્ડિયન બિઝનેસ એન્ડ પ્રોફેશનલ કાઉન્સિલ (IBPC) દ્વારા ભારતનો સ્વતંત્રતા પર્વ તા. ૧૫–૮ની સાંજે ગ્રાન્ડ હયાત દુબઈ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ૪૫૦થી વધુ ટોચના ભારતીયોએ ઉત્સાહભેર હાજરી આપી અને સ્વતંત્ર દિવસની ઉજવણી કરી. આ પ્રસંગે પોરબંદરના રીઝવાન આડતિયા અને દુબઈમાં ગલ્ફ રિયાલિટીના અબ્દુલકાદીર સાથે પોરબંદરના પૂર્વ મ્યુ. કાઉન્સિલર ફારૂકભાઈ સૂર્યા એ હાજરી આપી હતી.

IBPC ના ચેરમેન સિધ્ધાર્થ બાલચંદ્રને કહ્યું કે કાઉન્સિલ વૃધ્ધિ, નવીનતા અને સમુદાય ઉત્થાનનો પ્રેરક બની ગઈ છે.

આ ઉજવણીએ ભારત અને UAE વચ્ચે સેતુ તરીકે IBPCની ભૂમિકાને વધુ મજબૂત બનાવી.

### હસનૈન એજ્યુકેશન ટ્રસ્ટ – કુકમા

(રફકીભાઈ ચાકી દ્વારા)

હસનૈન એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત દારૂલ ઉલૂમ હિમાયતુલ ઈસ્લામ દ્વારા સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી સૈયદ અહમદશા અલહુસૈની, સૈયદ નશીબશા બાપુ, પઠાણ અલીખાનના હાથે રાષ્ટ્રધ્વજ લેહરાવામાં આવ્યો હતો. આ પ્રોગ્રામમાં કુકમા પંચાયતના સભ્યો અરવિંદ આહીર, ઉત્તમ રાઠોડ, નાગશી માનશી, મુસ્લિમ અગ્રણીઓ હાજી સુલેમાન કક્કલ, સૈયદ અકબરશા બાપુ, સત્તાર મીંયાજી, આદમ કટીયા, આમદ જસીયા, કક્કલ હુસૈન, કુંભાર હાજી હુસૈન (મુતવલી), મમણ ગની, કક્કલ આમદ (લેર), કુંભાર ઓસમાણ, સમા સલીમ, મોકરશી ઓસમાણ, રાઠોડ હુસૈન, શેખ મુરશીદ, ઓડીયાણ અબ્બાસ હાજર રહ્યા હતા. આ પ્રોગ્રામની વ્યવસ્થા મૌલાના અબ્દુલકાદીર, મૌલાના આદીલ, હાફીઝ જીલાનીએ કરેલ હતી.

### દાદુપીર રોડ – ભુજ

દાદુપીર રોડ, ભુજ ખાતે રાષ્ટ્રધ્વજ અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષક સમિતિના ઉપપ્રમુખ હાજી ઈબ્રાહીમ હાલેપોત્રાએ લહેરાવ્યો હતો. પ્રારંભે તિરંગા યાત્રા યોજાઈ.

આ પ્રસંગે નગરસેવકો કિરણ ગૌરી, કાસમ કુંભાર, અગ્રણીઓ હાજી આમદ જત, સોયબ મમણ, સુલેમાન રાણા, અકીલ મેમણ, પ્રબોધ મુનવર, મુસ્તાક હિંગોરજા, સિકંદર સમા, ફારૂક સમા, ઈદરીસ સુમરા, ફકીરમામદ કુંભાર, મોહસીન હિંગોરજા, મામદ લાખા, અબ્દુલ કેવર, દરકાસ મોખા, મુજીબ મેમણ, સલીમ મોગલ, અહેમદ ખલીફા, ગની કુંભાર ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન રફીક બાવાએ કરેલ. વ્યવસ્થામાં ઓસમાણ પટેલ, આદમ થૈમ, આલમશા શેખ, ઈમરાન સમા, આરીફ ખત્રી, જાવેદ સમાએ સહકાર આપ્યો હતો.

### રોયલ ફાઉન્ડેશન, ભુજ

ભુજ સ્થિત રોયલ ફાઉન્ડેશન દ્વારા યોજાયેલ સ્વાતંત્રય પર્વ કાર્યક્રમમાં ભુજના સામાજિક કાર્યકર રાખીબેન અંજારિયાએ ધ્વજવંદન કર્યું હતું અને સલામી સંદિપ બોડાએ આપી હતી. બાળકોને સંસ્થા તરફથી અલ્પાહાર કરાવ્યો હતો. સંસ્થાના પ્રમુખ અનવર નોડેએ ઓપરેશન સિંદૂરનો વર્ણન કરી દેશભકિતની લાગણી વ્યકત કરી હતી. જયસુખ શાહ, ભરત મહેતા, મુકેશ ધોળકીયા, શ્યામકુમાર મહેતા, આચાર્ય ઈ.ક.વિ. દિપક રાઠોડ, જયેશ વાઢેર, સિરાજ તુર્ક, ઈસ્માઈલ તુર્ક, અસગરઅલી લુહાર, નદીમ ખત્રી, ઝાલાભાઈ, નિતીન ઠક્કર, ભરત ઠક્કર ઉપસ્થિત રહ્યા હતા. હરિસિંહ જાડેજા, મહેન્દ્ર બાયડ, અકીલ નોડે, કિશન બાયડ, ઝહીર તુર્ક વગેરેએ સહયોગ આપ્યો હતો.

### બહુમાળી ભવન, ભુજ

બહુમાળીભવન ખાતે ફરજ બજાવતા એસ. પી. મારૂ, પ્રમુખ બહુમાળી ભવન કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. ભુજ તથા પી.એસ.આઈ. નશાબંધી આબકારી કચેરી ભુજ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ.

મંડળીનાં હોદેદારો દ્વારા રાષ્ટ્રની અવિરત સેવા આપનાર ભરત સુથાર, કારગીર યુધ્ધ વિજેતા, નિવૃત્ત આર્મી મેન તેમજ બહુમાળી ખાતે સાફ–સફાઈની સેવા આપતા મુળજી મતિયાનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવેલ.

મંડળીના હોદેદારો ભરત માંગલીયા, એમ. આઈ. બાયડ, કલ્પેશ પરમાર, હાર્દિક દવે, જગદીશ ચાવડા, શ્યામ કોઠારી, ભરત હાથી, હમીર ખાખલા, પ્રેમીલાબેન ખાખલા, અનીરૂધ્ધસિંહ ગોહીલ, અશ્વીન ગોર, મીતેષ દવે, આકાશકુમાર સિંઘ, દર્શન મહેતા, ભરત સુથાર, મુળજી મતીયા, ગુલાબસીંહ જાડેજા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

### ભીડ પ્રાથમિક શાળા, ભુજ

સ્વાતંત્ર્ય દિનની ઉજવણીની પૂર્વ તૈયારી અને જાગૃતિ માટે શ્રી ભીડ ગ્રુપ શાળા નં. ૩ માં તિરંગા વિતરણનો કાર્યક્રમ પૂર્વ નગરપતિ એડવોકેટ શંકર સચદેના અધ્યક્ષ સ્થાને યોજાયો જેમાં મુખ્ય મહેમાન તરીકે બીનાબેન ભાનુશાલી ઉપસ્થિત રહ્યા હતા. શાળાના આચાર્યા આશાબેન ઠક્કરે સ્વાગત પ્રવચન કર્યું હતું.

આ પ્રસંગે પૂર્વ નગરસેવક માલશી માતંગ, ઝહીર સમેજાએ વ્યવસ્થા સંભાળી હતી. સલીમ મોગલ, કિરીટસિંહ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન શ્રીમતી ધારાબેન ગોરે કર્યું હતું.

### ઢોરા (તા. નખત્રાણા)

ઢોરા (તા. નખત્રાણા) ખાતે યુવા અગ્રણી યાકુબ મુતવાના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકારવામાં આવ્યો હતો. મુખ્ય શિક્ષક રિઝવાનાબેન કુરેશી અને બકુલભાઈના માર્ગદર્શન હેઠળ બાળકોએ રમત અને દેશ ભકિત ગીત રજૂ કર્યા હતા. યાકુબ મુતવાએ જણાવ્યું હતું કે બાળકોને સ્કૂલ સુધી પહોંચાડવામાં વાલીઓ મહેનત કરે વધુ ભણાવી દેશના ભવિષય માટે કામ આવે તેવા પ્રયાસો કરે. રમત–ગમત અને દેશ ભકિત ગીતો અને પ્રવચનમાં જે બાળકોનો નંબર આવ્યો હતું તેમને ઈનામો અને રોકડ આપવામાં આવી હતી.

# માંડવી સભામાં ઉશ્કેરણીજનક ભાષણોની તપાસ કરવાની માગ

(ન્યૂઝ ડેસ્ક)

સામાજિક કાર્યકર અને RTI એક્ટિવિસ્ટ ઈરફાન હાજીઈબ્રાહીમ હાલેપોત્રાએ બોર્ડર રેન્જના આઈ.જી.શ્રી અને પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વડાને પત્ર લખીને રજૂઆત કરી છે કે માંડવી શહેરમાં નોન–વેજ. વેચાણ પર પ્રતિબંધની માંગ સાથે આઝાદ ચોકમાં યોજાયેલી સભાની કોઈ પૂર્વ મંજૂરી લેવામાં આવી ન હતી એવા અખબારી અહેવાલ છે. આ સભા એક જાતિ/ધર્મના લોકોને બદનામ કરવાનું કાવતરૂં હતું. પરસ્પર સહમતીથી યુવક–યુવતીઓ દ્વારા થતાં આંતરધર્મીય લગ્નને મુદ્દો બનાવી ધર્મના નામે ઉશ્કેરી શાંતિ ડહોળવાનું પ્રયત્ન કરવામાં આવેલ જેની તપાસ કરવામાં આવે અને શાંતિ ડહોળવાનું પ્રયત્ન કરનારાઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લેખિત રજૂઆત શ્રી હાલેપોત્રાએ કરી છે.